# સે-૨૩ સ્વામિનારાયણ સ્કુલમાં ફીના મામલે વાલીઓનો હોબાળો

## શાળા સંચાલકો સામે આક્ષેપ : પ્રોવિઝનલ ફી નહીં ચુકવો તો પરિણામ અટકશે તેવી ચિમકી અપાઇ હોવાનો વાલીઓનો આક્ષેપ



ગાંધીનગર તા ૧૦

સે-૨૩ સ્થિત સ્વામિનારાયણ ગુરુકુલ સ્કુલમાં આજે વાલીઓએ ફી ના મામલે હોબાળો મચાવ્યો હતો. વાલીઓએ પ્રોવિઝનલ ફી ભરવા માટે સંમતિ ન દર્શાવતા શાળા સંચાલકો દ્વારા પરિણામ અટકાવવા સુધીના પગલા ભરવાની ચિમકી અપાઈ હોવાનો આક્ષેપ પણ વાલીઓ કરી રહયા છે. જયારે સરકારના નિયમ મુજબ ફી ચુકવવાની તૈયારી દર્શાવતા વાલીઓએ શાળા સંચાલકોની મનમાની સામે પણ પ્રબળ રોષ ઠાલવ્યો હતો.

સે-૨૩ સ્થિત સ્વામિનારાયણ સ્કુલમાં આજે સી બી એસ સી વિદ્યાર્થીઓની ફી ના મુદ્દે મામલો ગરમાયો હતો. શાળા સંચાલકો દ્વારા વાલીઓને પ્રોવિઝનલ ફી ભરાયા બાદ જ પરિણામ અપાશે તેવો આગ્રહ રાખવામાં આવતા વાલીઓ આગ બબુલા બન્યા હતા. જયારે વાલીઓએ આ મામલે સરકારે

● અનુસંધાન પાન-૭ પર

# આજે પણ વિદ્યાર્થીઓ સવારે ૯ થી ૧ બેઠક વ્યવસ્થા જોઈ શકશે

ધોરણ -૧૦ અને ૧૨ ની બોર્ડ પરીક્ષા આવતીકાલથી શરૂ થવાની છે. ત્યારે જિલ્લા શિક્ષણ તંત્રએ પણ પરીક્ષાલક્ષી સઘળી તૈયારી કરી દીધી છે. વિદ્યાર્થીઓ આખરી તૈયારીમાં લાગી ગયા છે. ત્યારે પરીક્ષાને અનુલક્ષી આગળના દિવસે પણ પરીક્ષાર્થીઓ તેમની બેઠક વ્યવસ્થા જોઈ શકે તેવી વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.જિલ્લા શિક્ષણાધિકારીએ આ અંગે જણાંવ્યુ હતુ કે આજે મોટાભાગના પરીક્ષાર્થીઓએ પરીક્ષા સ્થળ પર પહોંચી તેમની બેઠક વ્યવસ્થાની માહીતી મેળવી હતી. જયારે કોઈપણ વિદ્યાર્થી બાકી રહી ગયા હોય તો તેવા પરીક્ષાર્થીઓ આજે પણ સવારે ૯ થી ૧ કલાક દરમિયાન પોતાના નંબરો મુજબ બેઠક વ્યવસ્થા જોઈ શકશે. જો કે બેઠક વ્યવસ્થા જોવા માટે પરીક્ષાર્થીઓને વર્ગખંડમાં જવા દેવામાં આવશે નહીં તેમ પણ તેમણે જણાંવ્યુ હતુ.

# શહેરમાંથી ડાયાબીટીસના ૭૪૯ અને ૧૨૮૭ હાયપર ટેન્શનથી પિડાતા દર્દીઓ મળ્યા

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર શહેરમાં અત્યાર સુધીમાં ૭૪૯ ડાયાબીયીસ અને ૧૨૮૭ જેટલા હાઈપર ટેન્શનથી પિડાતા વ્યક્તીઓ મળી આવ્યા છે. મહાનગરપાલિકા દ્વારા હાથ ધરાયેલ ફેમીલી હેલ્થ સર્વેમાં આ ચોંકાવનારી વિગતો બહાર આવી રહી છે. ૫ ફેબ્રુઆરીથી હાથ ધરાયેલ આ હેલ્થ સર્વેમાં અત્યાર સુધીમાં ૨૫ હજાર જેટલા પરિવારોના સર્વેની કામગીરી સંપન્ન થઈ છે.

આ સર્વે દરમ્યાન શરદી ખાંસી અને સામાન્ય તાવથી પિડાતા દર્દીઓ પણ મળી આવ્યા છે. મળતી વિગતો પ્રમાણે સર્વાઈકલ કેન્સરના ૧૩ જેટલા શંકાસ્પદ કેસો તેમજ બ્રેસ્ટ કેન્સરથી પિડાતા ૮ જેટલા શંકાસ્પદ કેસો મળી આવતાં તેમને સંદર્ભ સેવા માટે રિઉફર કરવામાં આવ્યા હોવાનું જાણવા મળેલ છે. શાળા-આરોગ્ય ચકાસણીનો મહત્વાકાંક્ષી કાર્યક્રમ સંપન્ન થયા બાદ આરોગ્ય વિભાગ દ્વારા આ ફેમીલી હેલ્થ સર્વે હાથ ધરવામાં આવ્યો છે. મળતી વિગતો પ્રમાણે આ ફેમીલી હેલ્થ સર્વેને આધાર બનાવી આગામી દિવસોમાં રાજ્ય સરકાર હેલ્થ પોલીસી તૈયાર કરશે.

ગાંધીનગર શહેરમાં ડાયાબીટીસ અને હાયપર ટેન્શનથી પિડાતા દર્દીઓ મોટી સંખ્યામાં મળશે તેવુ મનાઈ રહ્યુ છે. આમેય ગાંધીનગરમાં બેઠાડુ જીવન જીવનારાઓની સંખ્યા મોટી છે. સતત બેઠાડુ જીવન શૈલી એ બિનચેપી રોગોની સંખ્યા વધી શકે છે તેવુ તબીબી જગતમાં મનાઈ રહ્યુ છે. શહેરમાં અત્યાર સુધીમાં જે સર્વે થયુ છે તે ૫૦ ટકાથી પણ ઉપર થઈ ગયાનું તંત્રના સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

# પરીક્ષા કેન્દ્રો પર ગેરરીતી અટકાવવા અધિકારીઓની ટીમ પણ રાઉન્ડ લેશે

## પરીક્ષા સ્થળો પર કોઇપણ પ્રકારની ગેરરીતી ન થાય તે માટે બોર્ડની સ્કોવોર્ડ ઉપરાંત વર્ગ -૧ ના અધિકારીઓને જવાબદારી સોંપવામાં આવી

ગાંધીનગર તા ૧૦

ધોરણ -૧૦ અને ૧૨ ની બોર્ડ પરીક્ષાને અનુલક્ષી જિલ્લા શિક્ષણતંત્ર દ્વારા જરૂરી તમામ તૈયારી કરી દેવામાં આવી છે. જયારે બોર્ડની પરીક્ષા દરમિયાન કોઈપણ પ્રકારની ગેરરીતી ન થાય તે માટે પરીક્ષા ખંડમાં સી સી ટી વી કેમેરાની વોચ ગોઠવવામાં આવી છે. જયારે જિલ્લા કલેકટરે પરીક્ષા દરમિયાન પારદર્શકતા જળવાઈ રહે તે માટે વર્ગ-૧ ના અધિકારીઓ પણ રાઉન્ડ લેશે.

ધોરણ -૧૦ અને ૧૨ ની બોર્ડ પરીક્ષાને અનુલક્ષી જિલ્લા શિક્ષણ તંત્રએ જરૂરી તમામ તૈયારીઓ કરી દીધી છે.જયારે વિદ્યાર્થીઓની બેઠક વ્યવસ્થાને અનુલક્ષી નંબર જોવા માટે પણ પરીક્ષા સ્થળો ખુલ્લા રાખવામાં આવ્યા છે. ગાંધીનગર જિલ્લામાંથી અંદાજિત ૪૯ હજાર વિદ્યાર્થીઓ પરીક્ષામાં હાજરી આપવાના છે.ત્યારે બોર્ડની પરીક્ષા દરમિયાન શાંતિ જળવાય અને વિદ્યાર્થીઓ નિર્ભય મુકત બની પરીક્ષા આપે તેવુ આયોજન પણ કરવામાં આવ્યુ છે. પરીક્ષાને અનુલક્ષી કોઈપણ પ્રકારની ગેરરીતી ન થાય તે માટે સી સી ટી વી કેમેરાની પણ વર્ગખંડોમાં વ્યવસ્થા કરવામાં આવી છે. જયારે જે ઠેકાણે સી સી ટી વી કેમેરા ન હોય તેવા સ્થળે ટેબલેટ મુકવાનુ આયોજન પણ કરી દેવાયુ છે. બાર્ડ પરીક્ષા દરમિયાન પરીક્ષા કેન્દ્રોના આસપાસના ૧૦૦ મીટર ત્રિજયા વિસ્તારમાં કોઈપણ પ્રકારની શાંતિ ભંગ ન થાય તેમજ અસામાજિક તત્વો આંટા ન મારે તે માટે પુરતા પોલીસ બન્દોબસ્ત સાથે ઝેરોક્ષ સેન્ટરો પણ બંધ રાખવા માટે સુચના આપી દેવામાં આવી છે. આ ઉપરાંત જિલ્લા કલેકટર દ્વારા પ્રત્યેક પરીક્ષા કેન્દ્ર દીઠ વર્ગ એકના એક અધિકારીને નિમણુંક આપી દેવામાં આવી છે.બોર્ડની વિજિલન્સ સ્કોવોર્ડ ઉપરાંત કલેકટર કક્ષાએથી પણ પરીક્ષા કેન્દ્રો પર રાઉન્ડ લેવા માટે અધિકારીઓની ટીમ તૈયાર કરી દેવામાં આવી છે.



સાબરમતી નદીના કિનારે કુદરતી સૌંદર્યમાં સંસ્કૃતિકુંજ ખાતે યોજાયેલા વસંતોત્સવનું સમાપન થયું છે. આ વસંતોત્સવમાં દેશભરમાંથી આવેલા કલાકારોએ ભારતીય સંસ્કૃતિના લોકનૃત્યો રજુ કર્યા હતા. આ વર્ષે વસંતોત્સવમાં એડવેન્ચર સ્પોર્ટ્સ તથા હસ્તકળા બજારમાં મોટી સંખ્યા સ્ટોલ્સની સંખ્યા તેમજ વધુ દિવસો ઉમેરવાને કારણે મુલાકાતીઓની સંખ્યા પણ વધુ રહી હતી.

# સેવાભાવી મહિલા અગ્રણી દિવ્યાબેન રાવલનું અવસાન

ગાંધીનગર, તા. ૧૦



હિન્દી સાહિત્યકાર તરીકેની આગવી ઓળખ ઉભી કરનાર અને મહિલાઓના પ્રશ્નો માટે સતત લડત આપનાર દિવ્યાબેન પ્રબોધભાઈ રાવલનું આજે સવારે હૃદયરોગના આવેલા હુમલામાં દુઃખદ અવસાન થયુ છે. તેમણે જ્યારે અંતિમ શ્વાસ લીધા ત્યારે પુત્રવધુ અને જાણીતા અભિનેત્રી ડાયના રાવલ તેમની પાસે હતા.

પૂર્વ પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અને મહાગુજરાત ચળવળના લડવૈયા પ્રબોધ રાવલના ધર્મપત્ની દિવ્યાબેન રાવલે હિન્દી સાહિત્યમાં છ જેટલા કાવ્યસંગ્રહો આપી અને સાહિત્યકાર તરીકેની આગવી ઓળખ ઉભી કરી હતી.

તેમનો જન્મ ૨ સપ્ટેમ્બર ૧૯૩૬ના રોજ થયો હતો. મુંબઈ ખાતે શિક્ષણ મેળવ્યા બાદ મહાગુજરાતના લડવૈયા પ્રબોધ રાવલ સાથે સંપર્કમાં આવ્યા હતા. તેઓ લગ્નગ્રંથીથી જોડાયા તે પૂર્વે સ્વ. પ્રબોધભાઈ રાવલ પરવડા જેલમાં હતા.

દિવ્યાબેન સામાજિક સંસ્થાઓમાં હંમેશા અગ્રેસર રહી અને મહિલાઓના આત્મસન્માન અને ઉત્કર્ષ માટે સતત લડત આપતા રહ્યા હતા. તેઓ વર્કીંગવુમન હોસ્ટેલ, નૈતિક સ્વાસ્થ્યસંઘ, સમર્પણ મૂક બધિર, દિવ્યજીવનસંઘ,

● અનુસંધાન પાન-૭ પર

# હવે ઘઉંની પણ ટેકાના ભાવે ખરીદી કરાશે

## ગાંધીનગર જિલ્લામાં ૪ કેન્દ્રો : ક્વીન્ટલના ૧૭૩૫ રૂ. ભાવ નિયત કરાયો : નાગરિક પુરવઠા નિગમ દ્વારા આ ખરીદી કરાશે

ગાંધીનગર, તા. ૧૦

રાજ્ય સરકાર હવે ટેકાના ભાવે ઘઉંની ખરીદી કરવાનો પણ નિર્ણય કર્યો છે. આ માટે રાજ્ય નાગરિક પુરવઠા નિગમને નોડલ એજન્સી તરીકે નિયુક્તી પણ કરી દીધી છે અને નિગમે આ માટેના ખરીદ કેન્દ્રોને પણ આખરી ઓપ આપી દીધો છે.

રાજ્ય સરકારે મગફળી બાદ તુવરની ટેકાના ભાવે ખરીદી કરવાના કરેલા નિર્ણય બાદ રવિ સીઝનનો સૌથી મહત્વનો પાક ગણાતા ઘઉંની પણ ટેકાના ભાવે ખરીદી કરવાનો નિર્ણય કર્યો છે. રૂપિયા ૧૭૩૫ના ભાવે આ ખરીદી કરવામાં આવશે. મળતી વિગતો પ્રમાણે ગાંધીનગર જિલ્લામાં હાલના તબક્કે આ ખરીદી માટે ચારેય તાલુકામાં એક-એક ખરીદ કેન્દ્ર શરૂ કરવાનો નિર્ણય કર્યો છે. ઘઉંના પાકના વેચાણ માટે ગાંધીનગર-દહેગામના ગોડાઉનો ખાતે તેમજ માણસા-કલોલ ખાતે એ.પી.એમ.સી. ખાતે રજીસ્ટ્રેશન કરાવ્યા બાદ નિગમ દ્વારા તેની ખરીદી કરવામાં આવશે.

હોળીના પર્વ પછી ઘઉંના પાકની કાપણી શરૂ થઈ છે અને બજારમાં તેની આવક પણ થઈ છે. મળતી વિગતો પ્રમાણે ગાંધીનગર જિલ્લામાં છેલ્લા બે દિવસમાં એક હજાર ક્વીન્ટલથી વધુ ઘઉંની આવક થવા પામી છે.

● અનુસંધાન પાન-૭ પર

# રાજ્યસભાના કોંગી ઉમેદવાર તરીકે દિપક બાબરિયા નિશ્ચિત

ગાંધીનગર,તા.૧૦

રાજ્યસભાની ચૂંટણી માટે કોંગ્રેસ ગુજરાતમાં હજુ સુધી ઉમેદવારોની પસંદગી કરી શક્યો નથી. ત્યારે એક નામ ઉપર લગભગ મંજુરીની મહોર લાગવા જઈ રહી છે. જો કે બીજા નામ માટે કોકડુ ગુંચવાયુ હોય તેવી સ્થિતિ જોવા મળી રહી છે. ગુજરાત કોંગ્રેસના નેતાઓએ ૨૦૧૯ની લોકસભાની ચૂંટણીને ધ્યાનમાં લઈને પાટીદારને રાજ્યસભા મોકલવા હાઈકમાન્ડ સમક્ષ પ્રસ્તાવ મૂક્યો છે. સૂત્રો કહે છેકે, દિપક બાબરિયા રાહુલ ગાંધીની ટીમના સભ્ય ગણાય છે. આ નામ પણ દિલ્હીથી પસંદ થયેલુ છે.

આ ઉપરાંત જનાર્દન દ્વિવેદીને પણ ગુજરાતમાંથી તક આપવા હાઈકમાન્ડ વિચારી રહ્યુ છે તે જોતાં પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ ઉપરાંત વિપક્ષના નેતા ધાનાણીએ પાટીદારને રાજ્ય સભાની ટિકિટ આપવી જોઈએ તેવા મત રજૂ કર્યા છે.

જો દિપક બાબરિયાની પસંદગી થશે તો,ગુજરાતના અન્ય નેતાઓમાંથી બાલુભાઈ પટેલ,જીતુભાઈ પટેલ અને જીવાભાઈ પટેલમાંથી કોઈ એકને તક મળી શકે છે. વિધાનસભા હારી જતાં સિધ્ધાર્થ પટેલનું પત્તુ કપાયુ છે. આમ, હાઈકમાન્ડ અને ગુજરાત પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ વચ્ચે વૈચારિક મતભેદ જામ્યા છે. પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ ભરતસિંહ સોલંકી લોકસભાની ચૂંટણી જીતવા માટે પોતાના પસંદગીનો ઉમેદવાર મૂકવા પર ભાર વ્યક્ત કરી રહ્યાં છે.

ભાજપે પણ બે પાટીદાર મંત્રીઓને રિપિટ કર્યાં છે તે રણનીતિ આધારે ગુજરાત કોંગ્રેસે પણ આ જ નીતિ અપનાવવા નક્કી કર્યુ છે. જયારે હાઈકમાન્ડ એઆઈસીસી માંથી કોઈ એક નેતાને ગુજરાતમાંથી રાજ્ય સભામાં મોકલીને પોતાના નેતાને સાચવવા માંગે છે. રાહુલ ગાંધીના વિદેશ પ્રવાસ બાદ રવિવારે મોડી સાંજ સુધી નામ જાહેર થવાની શક્યતા છે.

# શહેરના શરણાઈના સરતાજ લાલજીભાઈ બારોટનું નિધન

## લાલજીભાઈના નિધનથી ગાંધીનગરના સંગીત કલા અને ભવાઈ કલા પ્રેમીઓમાં ઘેરા શોકની લાગણી

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર કલા જગતના ભવાઈના વરિષ્ઠ કલાકાર અને શરણાઈ વાદક એવા લાલજીભાઈ બારોટનું ટુંકી માંદગી બાદ દુઃખદ નિધન થવા પામ્યું છે. લાલજીભાઈ બારોટનું અવસાન થતાં ગાંધીનગરના કલાપ્રેમીઓમાં ઘેરા શોકની લાગણી વ્યાપી જવા પામી છે.



સ્વભાવે સરળ, હસમુખા એવા લાલજીભાઈ બારોટ ગાંધીનગર પાસેના ધોળાકુવા ગામે પોતાના પરિવાર સાથે રહેતા હતા. તેઓનું મુળ વતન પાટણ જિલ્લાના ચાણસ્મા તાલુકાનુ કંબોઈ ગામ છે. ભવાઈ કલાને જીવંત રાખવા ૧૯૮૦માં કંબોઈ ગામે શ્રી જયલાલ કલાવૃંદમાં વગાડવાનું શરૂ કર્યુ હતુ. શરણાઈની કલાથી લાલજીભાઈએ અનેક પુરસ્કારો પ્રાપ્ત કર્યા છે. લાલજીભાઈ બારોટે રાષ્ટ્રીય કક્ષાના લોક ભવાઈ મેળામાં પોતાના શરણાઈ વગાડવાના કલા વૈભવ વડે ખુબ નામના અને સન્માન મેળવ્યુ હતુ. જીવન કાળ દરમિયાન લાલજીભાઈ અનેક સરકારી બિનસરકારી કાર્યક્રમોમાં શરણાઈના સૂરો એવા તો છેડ્યા કે સર્વેના મન મોહી લીધા હતા. વર્ષ ૧૯૯૮માં દિલ્હી ખાતે ગણતંત્ર દિવસની ઉજવણી પ્રસંગે ભારતના વડાપ્રધાન અટલ બિહારી બાજપાઈજીના હસ્તે 'સ્મૃતિ ચિન્હ' પ્રાપ્ત કર્યુ હતુ. ગાંધીનગરની વિવિધ સંસ્થાઓમાં કાર્યક્રમોમાં તેમજ લગ્ન પ્રસંગોમાં શરણાઈ વાદન કરીને ઉપસ્થિત સહુની ભરપુર ચાહના મેળવી ચુક્યા છે. ગાંધીનગરના લોક કલારતન લાલજીભાઈ બારોટ દેવલોક પામતા ગાંધીનગરના કલાપ્રેમીઓએ શોકની લાગણી વ્યક્ત કરતા પ્રભુ ઈશ્વર તેમની આત્માને શાંતિ અર્પે તેવી પ્રાર્થના કરી છે. લાલજીભાઈના નિધને ગાંધીનગર સમાચાર પરિવારે પણ શોકની લાગણી વ્યક્ત કરી છે.



ઘરવખરીની સુરક્ષા - દબાણ હટાવ ઝુંબેશના પગલે ઝુંપડાવાસીઓ પોતાની ઘરવખરીને સુરક્ષિત સ્થાને કેવી રીતે રાખે છે તેનો બોલતો પુરાવો આ તસવીર દર્શાવે છે... જીવનની મૂડી ગણો કે મિલકત... ઝાડ પર લઈ જઈને પણ સુરક્ષિત રાખવાનો નાનકડો પ્રયાસ જીવનનો મોટો સંદેશ આપી જાય છે...

## બેસણું



અમારા પરમ પૂજ્ય માતુશ્રી **સુભદ્રાબેન વિઠ્ઠલદાસ ત્રિવેદી** તા. ૮/૩/૨૦૧૮ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. **સદ્દગતનું બેસણું તા. ૧૧/૩/૨૦૧૮ને રવિવારના રોજ સવારે ૯.૦૦ થી ૧.૦૦ કલાક** દરમિયાન નીચેના સ્થળે રાખેલ છે.

**સ્થળ : ૨૯, કેશવકુંજ ડુપ્લેક્ષ, સેન્ટ મેરી સ્કૂલની પાછળ, નરોડા, અમદાવાદ**

**લી.**

**કૌશિકભાઈ બી. પંચોલી (૯૯૨૫૬૦૫૩૬૦)**

**શૈલેષભાઈ બી. પંચોલી (૯૭૨૭૩૬૯૧૯૦**

**અનિલભાઈ બી. પંચોલી (૯૯૨૫૨૪૨૯૨૯)**

**નોંધ : પિયરપક્ષનું બેસણું ઉપરોક્ત સ્થળે અને સમયે રાખેલ છે.**


**જોઈએ છે**

કોમ્પ્યુટર પર ગુજરાતીમાં પત્ર વ્યવહાર કરી શકે તેવા મેલ/ફીમેલ જોઈએ છે.

ફીમેલની પ્રથમ અગ્રીમતા

સંપર્ક કરો

મો. : ૯૮૨૫૩ ૩૧૨૦૧

**ટચુકડી જાહેર ખબર**

દર ગુરુવારે-રવિવારે

ગાંધીનગર સમાચાર

ફોન : ૨૩૨૨૨૫૭૧,

ફેક્સ : ૨૩૨૩૦૫૭૧

**ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...**

SANGHI CEMENT Turning Dreams into Concrete Reality

Kisan

ashirvad

BENELAVE

DR. FIXIT

TATA STEEL • PIPES • SHEETS

ET TMT BARS Mazboot Bharat ki Pehchan

**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.

ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,

મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :

સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.

ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬

સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.

ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in

**કેપિટલ ઓફસેટ®**

AN ISO 9001:2008 Certified Company

**મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ**

રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯

મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,

E-mail : capitaloffsetgujarat@gmail.com

ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર

ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯

બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

**ઈશ્વરકૃપા ટાયર સર્વિસ**

ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા

એપોલો/સીએટ કંપનીના અધિકૃત વિક્રેતા

CEAT

BRIDGESTONE

તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે

પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.

ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com